રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
આણંદ કૃષિ યુનિવર્સિટી
ગોધરા-૩૮૯૦૦૧

# "પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ" એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેઝ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ ના સંયુકત ઉપક્રમે "પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ તારીખ ૧૫/૦૨/૨૦૨૩ ના રોજ રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગામ: સિંગાપુર અને મુનાવાણી, તાલુકો: સિંગવડ, જિલ્લો દાહોદ થી ૪૦ જેટલી ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા ; ડૉ. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ તેમજ કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ, કોલેજ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરાના આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ દ્વારા તાલીમાર્થીઓને પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતો થી ચાલતા જુદા જુદા સાધનો જેવાકે સૌર સુકવણી યંત્ર, સોલર પમ્પિંગ સિસ્ટમ, સોલર વોટર હીટિંગ સિસ્ટમ, સોલર ઝટકા, સોલર ડિસ્ટીલેશન, સોલર ઇન્સેક્ટ ટ્રેપ્પિંગ સિસ્ટમ તેમજ સોઇલ સોલારાઇઝેશન જેવી જુદી જુદી પદ્ધતિઓનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી ખેડૂત તેની આવક વધારી શકે તેના વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. ડૉ. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ દ્વારા ખેડૂતોને ખેતીમાં સૌરઉર્જાના ઉપયોગ અને તેના ફાયદાઓ વિષે માહિતી આપેલ હતી.


એડવાન્સ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેનર્સ ટ્રેનિંગ ઓન એગ્રિકલ્ચરલ
એન્જીનીયરીંગ બેઝ્ડ ઇંટરવેન્સન પ્રોજેકટ અંતર્ગત
તારીખ: ૧૫/૦૨/૨૦૨૩




સૂર્ય કુકરનું મહત્વ અને તેની
ઉપયોગીતા













સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ” અને “બાયોગેસ નું મહત્વ અને તેની ઉપયોગિતા” વિષય પર, ઈજ. જે. શ્રવણકુમાર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા “સૂર્યકુકર અને સૌર સુકવણી યંત્રનું મહત્વ અને તેની ઉપયોગીતા” વિષય પર અને ઈજ. જે. જે. ચાવડા, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા “જુદા જુદા પ્રકારના બાયોગેસ પ્લાન્ટ અને તેના ફાયદા અને ગેરફાયદા” વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. તદુપરાંત તાલીમાર્થીઓને બોક્સ ટાઇપ સૂર્યકુકર કેવી રીતે કાર્ય કરે છે અને ટોપ ફિડિંગ અને સાઇડ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલાનું, સૌર સુકવણી યંત્ર, સોલર ડિસ્ટીલેશન, સોલર પમ્પિંગ સિસ્ટમ અને પેરબોલિક ટાઇપ સૂર્યકુકર પણ સીધું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવેલ હતું. વધુમાં ખેડૂતોએ સદર તાલીમમાં બતાવેલ બાયોગેસ ની ઉપયોગિતા, બૉક્સ ટાઇપ સૂર્યકુકર તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા તેમને કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા અને સાઈડ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા વિષે વધુમાં વધુ ઉત્સાહ બતાવેલ હતો.

તાલીમના અંતે ઈજ. જે. જે. ચાવડા, સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.